

LifeStyle Trends

પવિત્ર શ્રાવણ માસની શરૂઆત સાથે જ જન્માષ્ટમી અને ગણેશ ઉત્સવને લઈને ભક્તોમાં અનોખો ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સુરતમાં આ બંને તહેવારો ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. અહીં ઘરે-ઘરે કાનુડાને પારણે ઝુલાવવામાં આવે છે અને પાર્વતીજીના દુલારા એવા વિઘ્નહર્તા દેવને શેરી, મોહલ્લા તેમજ ઘરોમાં ભાવપૂર્વક બેસાડી સેવા-પૂજા કરવામાં આવે છે. જે ભક્તો પોતાના ઘરમાં કાનુડા અને શ્રીજીની સ્થાપના કરે છે, તેઓ ઘરને નંદઘર કે ગોકુળ જેવું સજાવવા આતુર હોય છે. અત્યાર સુધી લોકો ઘરમાં પોતાની મેળે જ કાપડ, થર્મોકોલ કે અન્ય વસ્તુઓથી સાજ-સજાવટ કરતા હતા. પરંતુ બદલાતા સમય સાથે હવે સુરતના બજારમાં રેડીમેડ તૈયાર મંડપ મળવા લાગ્યા છે, જે ભક્તોના આકર્ષણનું કેન્દ્ર બન્યા છે...

# જન્માષ્ટમી અને ગણેશ ઉત્સવ માટે બજારમાં આવ્યા આકર્ષક 'ફોલ્ડિંગ મંડપ'

## MS પાઇપની એડજસ્ટેબલ ફ્રેમ પર તૈયાર થાય છે ૧૮ આકર્ષક ડિઝાઇનો

બજારમાં આ વર્ષે એમએસ (MS) પાઈપમાંથી બનેલી ખાસ ફોલ્ડિંગ ફ્રેમ ઉપલબ્ધ થઈ છે. આ ફ્રેમ ૩ ફૂટથી લઈને ૬ ફૂટ સુધીની સાઈઝમાં મળે છે. સૌથી મોટી ખાસિયત એ છે કે આ મંડપની ઊંચાઈ (હાઈટ) ૭ થી ૮ ફૂટ સુધી જરૂરિયાત મુજબ એડજસ્ટ કરી શકાય છે. બજારમાં હાલમાં રાઉન્ડ, ચોરસ, પાટલાવાળો મંડપ અને ઝુલાવાળા મંડપ સહિત અંદાજે ૧૮ અલગ-અલગ અવનવી ડિઝાઈનના મંડપ ઉપલબ્ધ છે. જો ભક્તો માત્ર ફોલ્ડિંગ ફ્રેમ ખરીદવા માંગતા હોય તો તે બજારમાં ૫૦૦ થી ૪,૦૦૦ સુધીની કિંમતમાં મળી જાય છે. જ્યારે કાપડ અને અન્ય ડેકોરેશન સાથેના આખા તૈયાર મંડપ માટે ભક્તો ૨,૦૦૦ થી લઈને ૩૦,૦૦૦ સુધીનો ખર્ચ કરી રહ્યા છે. ભક્તો આ ફ્રેમ ખરીદીને તેના પર પોતાની પસંદગીનું કપડું નાખી જાતે પણ ઘર બેઠા સુંદર મંડપ તૈયાર કરી શકે છે.



## સુરતમાં તહેવારોનો નવો ટ્રેન્ડ

### એક જ મંડપનો વારંવાર ઉપયોગ: આ વર્ષે પ્રોફાઇલ લાઇટની ભારે બોલબાલા

સુરતના સ્થાનિક વિક્રેતા જેનીલ સવાણીએ જણાવ્યું હતું કે, આ વર્ષે પહેલીવાર તૈયાર મંડપનો આ અનોખો કોન્સેપ્ટ બજારમાં લિફ્ટ કરવામાં આવ્યો છે. આનાથી ભક્તોની જાતે કલાકો સુધી મંડપ તૈયાર કરવાની માથાકૂટ અને મહેનત સંપૂર્ણપણે દૂર થઈ ગઈ છે. આ ફોલ્ડિંગ મંડપની સૌથી મોટી વિશેષતા એ છે કે ઉત્સવ પૂરો થયા બાદ તેને ખૂબ જ સરળતાથી ખોલીને (ડિસ્મેન્ટલ કરીને) ઘરના માળિયામાં કે ગમે તે નાની જગ્યાએ મૂકી શકાય છે. આવતા વર્ષે તહેવાર આવતા જ તેને ફરીથી કાઢીને નવો લુક આપી ઉપયોગમાં લઈ શકાય છે, જેના કારણે દર વર્ષે ડેકોરેશન પાછળ થતો વારંવારનો મોટો ખર્ચ બચી જાય છે. આ વર્ષે બજારમાં પ્રોફાઈલ લાઈટવાળા મંડપની ડિમાન્ડ સૌથી વધુ છે. આ સાથે જ લોકો મંડપની શોભા વધારવા માટે અંદર ખાસ ઝુમ્મરવાળી ફેન્સી લાઈટો લગાવવાનો આગ્રહ પણ રાખી રહ્યા છે.

**દર વર્ષે ડેકોરેશન કરવાની માથાકૂટ અને ખર્ચમાંથી મળશે મુક્તિ; પ્રોફાઈલ લાઈટ અને ઝુમ્મરવાળા મંડપની ભક્તોમાં ભારે ડિમાન્ડ**

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિટ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**




## પડ્યો વરસાદ અને સ્કૂલો બંધ થઈ, કોરોની યાદ પાછી તાજી થઈ, ભણતરને કરવા ફાઈન, ભણવું પડ્યું ઓનલાઈન...

**આકાશે વરસ્યા 'મેઘ' અને સ્કૂલોને લાગ્યાં તાળાં ફાઈન, નવરા થઈ ગયા શિક્ષકો અને ભણતર ચાલ્યું ઓનલાઈન ... કોરોનાનાં સ્મરણો તાજાં થયાં, ફરી પાછા ઘરમાં માથાકૂટના બનાવો દેખાતા થયા... શિક્ષક પાડે બૂમો મોનિટર પર અને બાળકો પાડે બૂમો માતા-પિતા પર... ભલે પડી રજા વરસાદમાં પણ હવે ભણવું પડશે વિદ્યાર્થીઓએ રવિવારમાં... વિદ્યાર્થીઓએ તો રજામાં આવવું જ પડશે પણ શિક્ષકોને પણ રવિવારની રજાનો લાભ જતો કરવો પડશે...**

**સુરત માટે આપણે એવું જાણીએ છીએ કે સુરતમાં અંગ્રેજોએ શાસન કર્યું. સુરતમાં ઘણી બધી પ્રજાઓ આવી હતી. પણ સુરતના ઈતિહાસમાં અમીટ છાપ છોડી જનાર બે જ પ્રજા હતી, અંગ્રેજો અને ડચો. ડચ પ્રજા પણ સૂરતમાં વેપાર કરવા જ આવી હતી. તો આવો આજે જાણીએ કે ડચ પ્રજા પાસેથી આપણે સુરતીઓએ શું શું મેળવ્યું...**

# સૂરતને ખૂબસૂરત બનાવતું ડચ જોડાણ





બાબ-ઉલ-મક્કા (મક્કાનાં પ્રવેશદ્વાર) તરીકે ઓળખાતા સુરતનાં વૈભવથી આકર્ષાયને ઘણી યુરોપિયન સત્તાઓ સુરત આવી; તેમાંથી એક હતા ડચ લોકો, જેને આપણે વલંદા તરીકે ઓળખીએ છીએ. તેઓ નેધરલેન્ડ્સથી વેપાર ખેડવા સુરત આવ્યા હતા. નેધરલેન્ડ્સ ભલે યુરોપનો એક નાનકડો દેશ હતો પણ ૧૭મી સદીમાં તેમની અદ્ભુત નૌકાકાફલા શક્તિ અને વ્યાપારી કુશળતાને કારણે તેમણે વિશ્વના મોટાભાગના સમુદ્રી વેપાર માર્ગો પર પ્રભુત્વ જમાવ્યું હતું.

૧૬૦૨માં સ્થપાયેલી ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપની (Vereenigde Oostindische Compagnie -VOC)એ એશિયામાં વેપારનો વિસ્તાર કરવા માટે સુરત પર નજર દોડાવી. આ પહેલા તેમને ભારતના બંદરો સાથે વેપાર કરવામાં કોઈ ખાસ રસ ન હતો. ૧૬૧૬માં ડચ વેપારી પીટર વાન બ્રોકે સુરતમાં પ્રથમ ડચ વેપારી કોઠીની સ્થાપના કરી. તેમણે સુરતના સ્થાનિક હાકેમની માત્ર કામચલાઉ પરવાનગીથી કોઠી સ્થાપી હતી જે હાલ જીવનભારતી શાળાનું કિશોરભવન છે ત્યાં હતી. ગુજરાતના માલ સાટે મસાલા લેનાર આરબ અને ગુજરાતી વેપારીઓને જોઈ, નાણાં કરતા માલ સાટે વેપાર કરવાના લાભથી વલંદાઓ સુરત તરફ ખેંચાય આવ્યા હતા. શરૂઆતમાં અંગ્રેજોએ કાવાદાવા કરી તેમને અહીંથી દૂર રાખવા ઘણા પ્રયાસો કર્યા પણ મોગલ સરકારે તેમને અંગ્રેજો જેવી જ વેપાર અને બીજી સવલતો આપી. એટલું જ નહિ, મોગલ શાસન દરમિયાન ડચ વેપારીઓને સુરત ટંકશાળમાં પોતાના સિક્કા પાડવાની અને વેપારી પ્રવૃત્તિ કરવાની સ્વતંત્રતા પણ મળી હતી.




ડચ પ્રજા મુખ્યત્વે મસાલાઓનો વેપાર કરતી એટલે અહીં સુરત બંદરે તેમને પોર્ટુગીઝો અને અંગ્રેજો સાથે હરીફાઈનો સામનો કરવો પડ્યો. જોકે પોર્ટુગીઝો કરતા મોગલ સરકારની રહેમ નજર ડચ પ્રજા પર વધુ હતી તેનો લાભ તેમને થયો. તેમણે સુરત બાદ ભારતમાં વિવિધ જગ્યાએ પોતાની કોઠીઓ સ્થાપિત કરી હતી, જેમકે, ભરૂચ, મુંબઈ, અમદાવાદ, આગ્રા, બરહાનપુર, તો પણ સુરત તેમના નિકાસનું મોટું કેન્દ્ર રહ્યું. સુરત ડચ લોકો માટે કાપડ, ગળી, મસાલા, રેશમ અને અફીણનાં વેપારનું મુખ્ય કેન્દ્ર બની ગયું હતું. ૧૬૨૪માં વલંદાઓનું પહેલું વહાણ ગળી ભરીને સુંવાળીથી સીધું હોલેન્ડ જવા ઉપડ્યું હતું .

૧૭૬૨માં સુરતના નવાબે તેઓની મૂળ કોઠીની જગ્યા લઈ લીધી અને તેઓને નાનપુરા ખાતે ખસેડ્યા જે પાછળથી 'વલંદાબંદર'તરીકે ઓળખાયું. મક્કાખાડીની પેલે પાર આવેલો નાનપુરાનો દક્ષિણ-પશ્ચિમ વિસ્તાર એ જગ્યા હતી જ્યાં માલસામન ચડાવવા અને ઉતારવા માટે ૧૭૨૯માં વલંદા બંદર બાંધવામાં આવ્યું હતું, જેને આજે આપણે 'નાવડી ઓવારા'તરીકે ઓળખીએ છીએ. ત્યારે નાનપુરા વિસ્તારમાં ઘણા ડચ લોકોના બંગલા પણ આવેલા હતા. નાનપુરામાં આવેલી સુરતની જૂની મુખ્ય પોસ્ટ ઓફીસ એ એક સમયે ડચ કોઠી હતી. અહીં જ ડચ ગાર્ડન પણ આવેલો હતો, જે હાલ દયાળજી બાગ તરીકે ઓળખાય છે.

ડચ પ્રજાએ સુરતને જે સ્થાપત્ય આપ્યું છે તે આજે સુરતની એક ઓળખ બની ગયું છે અને એ છે ડચ મકબરા.. કતારગામમાં આવેલાં ડચ અને અંગ્રેજોના બનાવેલા ભવ્ય કબ્રસ્તાન જોઈને પહેલી નજરે એ મોગલો દ્વારા બનાવેલા સ્થાપત્યો લાગે છે. પણ આ ભવ્યતાને રજૂ કરતી કબરો સૂરતમાં યુરોપિયનોના સુવર્ણ સમયની સાક્ષી પૂરે છે. 250 વર્ષ જૂનાં આ મકબરાઓ ખરેખર તો પોતાની ગુરુતા એકબીજા પર પ્રસ્થાપિત કરવાં અને ડચ અને અંગ્રેજોનું પ્રભુત્વ સ્થાપવા બંધાયેલી ઈમારતો છે, જેમાં એડ્રિયાન વાન રીડેનો ભવ્ય મકબરો યુરોપિયન અને ઈસ્લામિક સ્થાપત્યશૈલીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

**મક્કાખાડીની પેલે પાર આવેલો નાનપુરાનો દક્ષિણ-પશ્ચિમ વિસ્તાર એ જગ્યા હતી જ્યાં માલસામન ચડાવવા અને ઉતારવા માટે ૧૭૨૯માં વલંદા બંદર બાંધવામાં આવ્યું હતું, જેને આજે આપણે 'નાવડી ઓવારા' તરીકે ઓળખીએ છીએ.**

૧૮મી સદીનાં ઉત્તરાર્ધમાં મોગલ સામ્રાજ્યનાં પતન અને બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વધતા પ્રભાવને કારણે ડચ સત્તા નબળી પડવા લાગી. ૧૭૫૯નાં બારાડીનાં યુદ્ધ અને ત્યારબાદના બ્રિટિશ પ્રભાવને કારણે તેમણે સુરત પરનો તેમનો કાબૂ ગુમાવ્યો. અંતે, એંગ્લો-ડચ સંધિ હેઠળ સુરતમાં રહેલી તમામ મિલકતો અને કોઠીઓ ડચોએ બ્રિટિશરોને સોંપી દીધી.

સુરતનું ડચ જોડાણ સાબિત કરતા મકબરા, ડચ ગાર્ડન, વલંડાવાડ નામ શેરી સુરતના યુરોપિયન યુગને યાદ કરતા ઊભાં છે.


**વારસાની વરિયાળી**

**ડચ લોકોએ સુરતને બ્રેડ બનાવવાની અને બેકિંગની કળા શીખવાડી હતી. તેઓ જ્યારે દેશ છોડીને ગયા ત્યારે એ બ્રેડ બનાવવાની ભઠ્ઠીઓ એટલે કે ઓવન ફરામજી પેસ્તનજી દોટીવાલાને સોંપીને ગયા હતા, જેમણે સુરતની પ્રખ્યાત પડવાળી અને બટર બતાશા બિસ્કીટની શોધ કરી હતી.**

CREATIVE માઈન્ડ્સ

# સ્ટાઇલ સાથે પરંપરાનો સંગમ: ક્રોશે અને કાશ્મીરી વૉચ રાખડી બની ટ્રેન્ડિંગ

હવે તહેવારોની મોસમ પૂરબહાર ખીલવા લાગી છે. શ્રાવણની શરૂઆત થતા જ જન્માષ્ટમી, રક્ષાબંધન પર્વની કાગડોળે રાહ જોવાશે. અત્યારે તમે સુરતના બજારોમાં નોટ કર્યું હશે કે આ વખતે રક્ષાબંધનના એક મહિના પહેલા જ રાખડીઓના સ્ટોલ લાગી ગયા છે. લોકો પણ બજારમાં આ સ્ટોલ પર અવનવી ડિઝાઈનની રાખડીઓ જોવા અન ખરીદવા ઉમટી પડ્યા હોવાનું દ્રશ્ય જોવા મળે છે. અત્યારે તો ખાસ એ બહેનો રાખડીઓ ખરીદી રહી છે જેમનાં વીરા (ભાઈ) વિદેશમાં કે અન્ય શહેરોમાં છે. સુરતીઓને તો દરેક વખતે નવું અને અનોખું જોઈતું હોય. રાખડીમાં પણ તેઓ શું ટ્રેન્ડિંગ છે તેની રીલ્સ સોશ્યલ મીડિયા પર જોઈ રહ્યા છે. આ વખતે સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલી કાશ્મીરી વર્કની વૉચ (ઘડિયાળ) રાખડી ખૂબ ટ્રેન્ડ કરી રહી છે. બાળકોને માટે કાર્ટૂન અને સુપરહીરોના થીમ અને ડિઝાઈનવાળી રાખડી દરેક સ્ટોલ પર ઉપલબ્ધ છે. બાળકોની રાખડીઓમાં ચાઈના મેડ રાખડીઓ વિશાળ માત્રામાં ઉપલબ્ધ છે. દર વખતની જેમ આ વખતે ભાભી અને ભાઈના કાંડા પર બાંધવ ચાંદીની રાખી ઓલ ટાઈમ ફેવરિટ છે. બ્રેસલેટ રાખી તો બ્રેસલેટ તરીકે આખું વર્ષ પહેરી શકાય છે. ચાલો બીજી કઈ કઈ રાખડીઓ ટ્રેન્ડમાં છે તેના વિશે મુલાયમ મુલાયમ લાગે તેવી વાતો કરીએ....






## ન્યૂ બોર્ન બેબી માટે કેટ અને ડોલ ડિઝાઇનની રાખડી

ન્યૂ બોર્ન બેબીના હાથને જરાક પણ નુકસાન નહીં થાય તેવી ફેલ્ટ એટલે કે નરમ, જાડુ અને હળવું કાપડીની કેટ અને ડોલની ડિઝાઈનવાળી રાખડી પણ બજારમાં આકર્ષણ જમાવી રહી છે. ખૂબ જ ક્યૂટ દેખાતી આ રાખડીમાં લાઈટ હોય છે. લાઈટવાળી રાખડી જોઈ બેબીના ફેસ પર સ્માઈલ આવી જાય છે. આ ઉપરાંત હવે તો કોઈન 5, 10, 20, 25 પૈસાના સિક્કાવાળી રાખડી પણ બાળકોને પસંદ આવી રહી છે.



## કાશ્મીરી વૉચ રાખડીને સ્ટાઈલિશ બ્રેસલેટની જેમ પણ પહેરી શકાય

કાશ્મીરી ઝૂમખા, કાશ્મીરી બેંગલ્સ બાદ આ વખતે રક્ષાબંધનને લઈને કાશ્મીરી વૉચ (ઘડિયાળ) રાખડી ટ્રેન્ડમાં આવી છે. તેમાં કુંદન વર્ક, પર્લ ડિટેલિંગ અને ફ્લોરલ ડિઝાઈન જોવા મળી રહી છે. રક્ષાબંધન પછી પણ તેને સામાજિક પ્રસંગોમાં બ્રેસલેટ તરીકે પહેરી શકાય છે. તે ભાભી માટે પણ છે અને ભાઈ-બહેન માટે પેરમાં પણ મળે છે. તેની પરનું કાશ્મીરી વર્ક લોકોને વધુ આકર્ષી રહ્યું છે.



## રજવાડી થીમવાળી રાજા-રાણી ડિઝાઈનર રાખડી ઘણી ટ્રેન્ડી બની છે

રાજા-રાણી થીમ વાળી રાખડી ભાઈ-ભાભીનું પ્રતીક છે. આ વખતે રજવાડી લુકવાળી રાખડી ઘણી ટ્રેન્ડી બની છે. તેમાં મોતી અને સ્ટોન વર્ક હોય છે. તેનો ધાગો ગોલ્ડન કલરનો હોય છે. તે આકર્ષક અમેરિકન ડાયમંડ સ્ટોન વર્કમાં પણ બજારમાં જોવા મળી રહી છે. આ રાખડીની ડિઝાઈનમાં એક બાજુ રાજાનો મુગટ અને બીજી બાજુ રાણીના રૂપમાં આકર્ષક લોકેટ અથવા મોતીનો સેટ હોય છે.



## ક્રોશે રાખડી પર્યાવરણને અનુરૂપ છે

અત્યારે તો ફેશન જગતમાં ક્રોશે વર્ક ઘણું ટ્રેન્ડિંગ છે. ક્રોશેની પાયલ, નેકલેસ, પર્સ તો ફેશન સ્ટેટમેન્ટ બન્યું જ છે. હવે ક્રોશે રાખડી બજારમાં આવી ગઈ છે. રેડ, ગ્રીન, બ્લુ, યેલો કલરના ઊનના દોરામાંથી બનતી આ રાખડીનું પણ અત્યારથી જ ધૂમ વેચાણ થઈ રહ્યું છે. તેમાં ગુલાબ, મેરીગોલ્ડ અને કમળના ડિઝાઈનવાળી રાખડી, પર્લ વર્ક, ક્રોશે ઈવિલ આઈ, ભાઈ-ભાભી માટે મેચિંગ લુંબા સેટ, બાળકો માટે કાર્ટૂન, સ્માઈલી અને એનિમલ ડિઝાઈનની ક્રોશે રાખડી તથા પોમપોમ, મિરર વર્ક અને ટેસલ સાથેની રંગીન ડિઝાઈનની ક્રોશ રાખડી પણ ઘણી ડિમાન્ડમાં છે.